# SHREE ZAVERCHAND MEGHANI
# DISTRICT INSTITUTE OF EDUCATION AND TRAINING,
# SURENDRANAGAR

Name ________________

Birthday ________________


Age ________________


# ENGLISH

## TRAINING MODULE

Std. 5 (Navigator)

| | | | | |
|---|---|---|---|---|
| g | r | a | t | d |
| c | o | w | c | o |
| a | p | i | c | o |
| t | f | r | o | g |
| h | o | r | s | e |






**Inspiration**
Dr. C. T. Tundia
Principal
DIET, Surendranagar

**Motivator**
Shree D. S. Patel
Director
GCERT, GANDHINAGAR

**Co-Ordinator**
Dr. Komal Pandya
Lecturer, IFIC Branch
DIET, Surendranagar

## અંગ્રેજીનો અભાવ કેવી રીતે ચાલે?

સાંપ્રત સમય એ જ્ઞાનનો યુગ છે. પ્રાથમિક શાળાના બાળક સમગ્ર વિશ્વની સાથે જોડાઇ શકે, શીખી શકે તે માટે અંગ્રેજી શીખવું જરૂરી બની ગયું છે. પ્રાથમિક શાળાઓમાં ધોરણ-1 થી અંગ્રેજી વિષય શીખવવાની શરૂઆત થાય છે. પ્રાથમિક શાળાના શિક્ષકો અંગ્રેજી વિષયશિક્ષણ સારી રીતે કરી શકે તે માટે પાઠ્યપુસ્તક સિવાય English Navigator Book આપવામાં આવેલ છે.

English Navigator પુસ્તકનો ઉપયોગ કેવી રીતે કરવો, તેનું અધ્યાપનકાર્ય કેવી રીતે કરવું તે માટે માર્ગદર્શિત કરતી આ પુસ્તીકા છે. જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા વર્ષઃ 2022-2023માં ધોરણ 5માં ભાષા શીખવતા શિક્ષકને તાલીમ આપવા માટેનું આયોજન કરવામાં આવેલું છે. જે માટે ડાયેટમાં માસ્ટર ટ્રેઇનર્સની તાલીમ યોજવામાં આવી. આ તાલીમમાં આ મોડ્યુલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ મોડ્યુલ નિર્માણ કાર્યમાં ડાયેટના વ્યાખ્યાતા ડૉ. કોમલબેન પંડ્યા અને જીલ્લાના અંગ્રેજી વિષય સાથે શિક્ષણકાર્ય કરતા ભાષાશિક્ષકોએ આ મોડ્યુલ નિર્માણ કર્યું છે. જે ધોરણ 5નાં વિષયશિક્ષકોને માર્ગદર્શિત બની રહેશે તેવી શ્રદ્ધા છે.

પ્રાથમિક શાળાના ધોરણ 5નાં બાળકોમાં અંગ્રેજી અધ્યયન સારી રીતે વિકસે તે માટે ડાયેટ દ્વારા એક નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. જેને સૌ પ્રાથમિક શિક્ષકો વધાવીને પોતાના અધ્યયન-અધ્યાપન કાર્ય દરમિયાન ઉપયોગ કરે તેવી નમ્ર વિનંતી છે.

આ સમગ્ર English Training Moduleનું નિર્માણકાર્ય ડૉ. કોમલબેન પંડ્યાએ સરસ રીતે કર્યું છે તે માટે તેમને અભિનંદન.

શુભમ્ ભવતું ।

**ભવદીય**
**ડો. સી. ટી. ટૂંડિયા**
**પ્રાચાર્ય**
**જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,**
**સુરેન્દ્રનગર.**

તારીખઃ

# લેખન

| ક્રમ | નામ | શાળા | તાલુકો |
|---|---|---|---|
| 1 | સંદિપકુમાર પાઠક | નવાગામ થાન પ્રા. શાળા | થાન |
| 2 | નિલેષકુમાર ગજ્જર | રાણીપાટ પ્રા. શાળા | મૂળી |
| 3 | નીતિનભાઈ પંચાલ | પે. સેન્ટર પ્રા. શાળા નં.1 | સાયલા |
| 4 | પૂનમબેન રાવલ | વઢવાણ પ્રા.શાળા નં.5 | વઢવાણ |
| 5 | ચેતનકુમાર સાધુ | ચાચકા પ્રા. શાળા | ચુડા |
| 6 | ઊર્વીબેન દીક્ષિત | વહાણવટી પ્રા. શાળા | વઢવાણ |
| 7 | પ્રિયંકકુમાર કોષ્ટી | બી.આર.સી. કો- ઓર્ડીનેટર થાન | થાન |
| 8 | જાની હેતલબેન એચ. | હડાળા પ્રા. શાળા | સાયલા |
| 9 | ગીતાંજલિબેન દવે | ભાડુકા પ્રા.શાળા | સાયલા |

# INDEX


| SR. | SUBJECT | PAGE NO. |
|---|---|---|
| 1 | **આટલુ સમજીએ...** | |
| 2 | **SECTION ‘A’ THE NETWORK** | |
| 3 | **LANGUAGE GAMES** | |
| 4 | **ACTION SONGS , RHYMES** | |
| 5 | **PRAYER** | |
| 6 | **LEARNIG OUT COMES** | |

# 1. આટલુ સમજીએ...

અંગ્રેજીના મહત્વથી આપણે સૌ પરિચિત છીએ. અને તેથી જ ધોરણ એકથીઅંગ્રેજી પરિચયની શરૂઆત કરી રહ્યા છીએ.

તે અંગેની પાયાની કેટલીક વિગતોની માહિતી શિક્ષક તરીકે આપણી પાસે હોવી જ જોઈએ.

- અંગ્રેજીની શરૂઆતઃ ધોરણ-1 થી
- ધો 1 -2 માટે કોઈ પાઠ્યપુસ્તક નથી. પણ TEACHER EDITION છે.ત્રીજા ધોરણ માટે વિદ્યાર્થીઓ માટે અજમાયશી પુસ્તક તૈયાર કરેલ છે. ધોરણ 5 ના શિક્ષક માટે“ટીચર્સ નેવીગેટર - 3”ના નામથી એક શિક્ષક નિદર્શિની આપેલ છે. આ “Navigator” શબ્દ માટેનો ગુજરાતી શબ્દ શોધી કાઢજો. અથવા તો સ્માર્ટ ફોનની એક એપ્લીકેશનનું નામ પણ નેવીગેટર છે – તેનું શું કાર્ય છે તે જાણજો. આપણા ટીચર્સ નેવીગેટરનું પણ કાર્ય એવું જ છે.

તે શિક્ષકને માર્ગનો પરિચય કરાવશે-

- ✓ એમાં ક્યા ક્યા સ્થાન આવશે?
- ✓ કઇ પ્રવૃત્તિઓ કરાવવાની છે ?
- ✓ તે કરાવતી વખતે કઇ બાબતોનું ધ્યાન રાખવાનું છે ?
- ✓ પ્રવૃત્તિઓ અંતે તેનું મુલ્યાંકન કેવી રીતે થાય ?

જેવા મુદ્દાઓ પણ સમાવેશ કરેલ છે.

ધોરણ ચોથામાં વિદ્યાર્થીઓ માટે અલગ પાઠ્યપુસ્તક કમ વર્કબુકનો ઉપયોગ કરવાનો છે.

અહીં, ટીચર્સ નેવીગેટર-3 ના વિભાગોમાં

Section A : The Network

Section B : Lingua Meter

Section C : Teachiepedia

પૈકી પ્રથમ વિભાગમાં યુનિટ મુજબ પ્રવૃત્તિઓ આપેલ છે. હવે જ્યારે આપણા કેટલાક શિક્ષક મિત્રો કે જેમનો અંગ્રેજીનો મહાવરો છૂટી ગયો છે. તેમની મદદ માટે દરેક યુનિટની શરૂઆતમાં જ Revisiting English નામનો વિભાગ છે. તેમાં આપેલી પ્રવૃત્તિઓ શિક્ષકે કરવાની છે. હા ! જરૂર પડે તો પોતાના સાથી મિત્રની મદદ પણ લેશે. તેનાથી જે-તે યુનિટમાં તેમને જે ભાષા કાર્યનો ઉપયોગ કરવાનો છે તેનો મહાવરો થઈ જશે.

દરેક પ્રવૃત્તિને ત્રણ તબક્કા આપ્યા છે.

1. Activity Take Off – જેમાં વર્ગમાં તે પ્રવૃત્તિ કેવી રીતે કરવાની છે અને શા માટે કરવાની છે તેની મુદ્દાસર છણાવટ કરેલ છે.

Activity Enrichment – પુસ્તકની પ્રવૃત્તિને વધુ રસપ્રદ બનાવવા પોતાની સ્થાનિક પરિસ્થિતિ અનુસાર બીજું શું કરી શકાય તે માટે દિશાનિર્દેશ.

Activity Extension – પુસ્તકમાં આપેલ પ્રવૃત્તિના અંતે તેના આધારિત વાંચન અને લેખનનો પાયો રચવા માટેની સૂચનાઓ.

આમ, દરેક પ્રવૃત્તિ આ તબક્કાવાર કરાવતા જવાની છે.

અહીં બાળકોનું લેખન શરૂ થવાનું છે. આપણે એ ધ્યાન રાખીશું કે માત્ર એ.બી.સી.ડી.નું લેખન કરાવી દેવું એ અંગ્રેજીનું શિક્ષણ નથી.

દરેક યુનિટના અંતે સર્ચ લાઇટ નામનો વિભાગ છે જેમાં વર્ગખંડની શૈક્ષણિક પ્રક્રિયાનું ઔપચારિક અને અનૌપચારિક મૂલ્યાંકન કરવાની વિગતો મૂકી છે. જેના આધારે તે પોતે હવે પછીના યુનિટમાં વધુ સઘન અભ્યાસ કરાવી શકશે.

નેવીગેટરના બીજા વિભાગમાં અંગ્રેજી શિક્ષણના હેતુઓ અને તેની ચકાસણી કેવી રીતે કરવી તે માટેની પ્રવૃત્તિઓના ઉદાહરણ આપ્યા છે.

ત્રીજા વિભાગમાં અંગ્રેજી શિક્ષણના સંદર્ભે વપરાતા શબ્દોની સરળ ભાષામાં સમજ અપાઇ છે. જેથી શિક્ષક શીખવા અને શીખવવાની પ્રક્રિયાના મનોવિજ્ઞાનથી પણ પરિચિત થશે.

જ્યારે ચોથા ધોરણના અંતે વિદ્યાર્થીને પુષ્કળ શ્રવણ-કથનનો મહાવરો મળ્યો છે. તેનું પુનરાવર્તન થાય અને ભાષા શીખવાનો ક્રમ જળવાઇ રહે તે હેતુસર ધોરણ-5ની શરૂઆત પણ “Oral Work” (મૌખિક કાર્ય)થી થઇ છે.

ધોરણ પાંચમાં શિક્ષક માટે અલાયદી નિદર્શિની બનાવવાને બદલે વિદ્યાર્થીના પુસ્તકમાં જ શિક્ષક માટે હેલ્પલાઇન મૂકી છે. આપણી શાળાના ધોરણ-5ના શિક્ષક ત્રીજા અને ચોથા ધોરણની નેવીગેટરનો અભ્યાસ કરી જ લેશે. તેવા વિશ્વાસ સાથે તેમાં સૂચનાઓનું બિનજરૂરી પુનરાવતર્ન ટાળ્યું છે. ધોરણ-5 અંગ્રેજી પાઠ્યપુસ્તક શ્રવણ-કથન અને ક્રિયાકરણની સાથે સાથે વિદ્યાર્થીને વાચન અને લેખન કૌશલ્ય માટે તૈયાર કરવાનું પગથિયું છે. ધોરણ-5 અંગ્રેજી પાઠ્યપુસ્તકમાં 1 to 15 Little stepની યાદી આપેલી છે.

આ Little steps અને Unitની પ્રવૃત્તિઓનો ક્રમ ભાષા શિક્ષણના ક્રમને ધ્યાનમાં રાખીને ગોઠવાયેલ છે. તે ક્રમ મુજબ જ વર્ગકાર્ય થાય તે જરૂરી છે.

દરેક Unitમાં એ Function (ભાષા વ્યવહાર) વણી લેવામાં આવેલ છે,જેના આધારે પ્રવૃત્તિઓની સાંકળ રચાયેલી છે. ધોરણ-5ની શિક્ષક આવૃત્તિ પણ આગળ ધોરણ-4 પ્રમાણે તૈયાર થયેલ છે. પ્રવૃત્તિઓને જુદા જુદા તબક્કાઓમાં વહેંચીને અંગ્રેજી ભાષા શિક્ષણના ચાર પાયાના કૌશલ્યો વિદ્યાર્થીઓ સિદ્ધિ કરે તે પ્રમાણે આયોજન થયેલ છે.

આપણે Activity based teaching and learning કરીએ છીએ. તો પ્રવૃત્તિ વિષે કેટલીક વિગતો જાણીએ.

**<u>પ્રવૃત્તિનું સ્વરૂપ :</u>**

પ્રવૃત્તિ એટલે શું?

તમે અંગ્રેજીના હેતુઓ અનેLanguage functionથી પરિચિત થયા હશો. આ functionના વિકાસાર્થે પાઠ્યપુસ્તકોમાં વિવિધ પ્રવૃત્તિઓ આપેલ છે. અલબત પુસ્તકોમાં દરેક ભાષા શીખવવાના તબક્કાને પ્રવૃત્તિ (activity) તરીકે ઓળખવામાં આવ્યો છે. તો આખરે આ પ્રવૃત્તિ શું છે?

શું માત્ર બાહ્ય હલન-ચલન?... ના....

જે પ્રક્રિયામાં ભાગ લઇ વિદ્યાર્થી ભાષાનું અધિગ્રહણ કરી શકે તે જ સાચી ભાષા પ્રવૃત્તિ. આપણા પુસ્તકોની પ્રવૃત્તિઓને તેના સમૂહ-જૂથોનાં આધારે જોઈએ તો...

- શિક્ષકની મદદથી કરવાની પ્રવૃત્તિ,
- જોડીમાં કરવાની પ્રવૃત્તિ,
- જાતે વ્યક્તિગત કરવાની પ્રવૃત્તિ... આપેલી છે.

પ્રવૃત્તિને વર્ગખંડમાં પ્રયોજવા પૂર્વે શિક્ષક તરીકે કેવી કાળજી લેવી જોઈએ?

- પ્રવૃત્તિના તબક્કા સમજી લઇએ, જેમ કે જે તે પ્રવૃત્તિ ભાષા કાર્ય શીખવાની શરૂઆત કરવાની પ્રવૃત્તિ છે. દ્રઢીકરણની છે કે મૂલ્યાંકન માટેની?
- જે તે પ્રવૃત્તિ કેવી રીતે કરાવીશું?શા માટે કરાવીશું? પ્રવૃત્તિના How? (કેવી રીતે કરાવીશું)અને WHY? (શા માટે કરાવીશું) પણ સમજી લેવા આવશ્યક છે.
- દરેક પ્રવૃત્તિ પાછળનો ભાષાકીય હેતુ સમજમાં આવ્યા પછી જ તે પ્રવૃત્તિ વધુ સંતુલિત બની શકે.
- જે તે પ્રવૃત્તિ કરવા માટે જરૂરી સાધન-સામગ્રીની ઉપલબ્ધતા ચકાસી લઇએ.

- જે તે પ્રવૃત્તિનો પ્રકાર – જોડી/જૂથ કે વ્યક્તિગત કાર્ય છે તે જાણી લઈએ.
- પોતાના વર્ગખંડ/વિદ્યાર્થીઓ/સ્થાનિક પર્યાવરણને ધ્યાનમાં રાખી જરૂરી ક્યા ફેરફારો યોજી શકાય તે પણ નોંધીએ.
- આ સિવાય અન્ય કઈ બાબતો ધ્યાનમાં રાખીશું?

____________________________________________

____________________________________________

____________________________________________

<u>પ્રવૃત્તિ દરમિયાન</u>

- વિદ્યાર્થીઓને પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરીએ.
- તેમને પ્રવૃત્તિમાં રહેલી ચેલેન્જને ઓળખાવીએ.
- તેમને બધું શીખવાડી દેવાના મોહમાંથી છુટકારો મેળવીએ.
- તેઓ જાતે જોડીમાં કે જૂથમાં પ્રયત્ન કરશે તે ભાષા માટે વધુ ફળદાયી નીવડશે.
- પ્રવૃત્તિ દરમિયાન ચર્ચાઓ (જેને સામાન્ય રીતે આપણે વાતોમાં ખપાવીએ છીએ) કરવાની મોકળાશ આપીએ.
- પ્રવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓને મદદ કરીએ – પણ જેને જેટલી મદદની જરૂર હોય એટલી જ.
- જરૂરી સૂચનો માતૃભાષામાં આપીએ. પણ સાથે યાદ રાખીએ કે જો આપણે જ પ્રવૃત્તિ દરમિયાન અંગ્રેજીનો ઉપયોગ નહિ કરીએ તો તેની રચના પાછળનો હેતુ નહિ રહે. એટલે પ્રવૃત્તિ થશે પણભાષાનું અર્થગ્રહણ નહિ થાય.
- વિદ્યાર્થીઓના કાર્યને જુદી જુદી રીતે બિરદાવીએ તેમાં એકવિધતા ના આવી જાય તેની કાળજી રાખીએ.
- વિદ્યાર્થીનાં કાર્યને કઈ કઈ રીતે બિરદાવી શકાય?

____________________________________________

____________________________________________

____________________________________________

<u>પ્રવૃત્તિ કરાવ્યા બાદ</u>

- હંમેશા વિદ્યાર્થીઓએ કરેલ પ્રવૃત્તિનું દસ્તાવેજીકરણ કરીએ. જે તેને મૂલ્યાંકન કરવામાં ઉપયોગી થશે.
- જાતે વિચારીએ કે સમગ્ર પ્રવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓને કઈ બાબતમાં રસ પડ્યો? ક્યું કાર્ય કરવામાં તેમણે વધુ ઉત્સાહ દાખવ્યો? કઈ બાબતમાં તેઓ મુશ્કેલી અનુભવતા હતા?

ઉપર જેવા પ્રશ્નો પરત્વે વિચાર કરવાથી તેમને હવે પછીની પ્રવૃત્તિઓ અસરકારક રીતે કરવામાં મદદ મળશે.

આ સિવાયની પ્રવૃત્તિ પછી શું કરી શકાય?

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

અંગ્રેજી વિષય લેનાર શિક્ષક તરીકે હવે તમારી પાસે અંગ્રેજી શિક્ષણ માટેની સામગ્રીનો પરિચય થઈ જ ગયો હશે. આપ આપના વિદ્યાર્થીઓને આ સાહિત્યનો ઉપયોગ કરી પધ્ધતિસર અંગ્રેજી શિક્ષણ કરતાં થાય તેવા પ્રયત્નો કરશો જ તેવી અભિલાષા.

# LANGUAGE FUNCTIONS (STD. 'V')

**Standard-V**

- ✓ Indicating objects and specifying location.
- ✓ Describing people, things, places.
- ✓ Indicating possession and relation.
- ✓ Giving and responding to instruction.
- ✓ Describing professions and their locations.
- ✓ Describing present and past actions.
- ✓ Giving and responding to commands and instructions.
- ✓ Describing relationship.
- ✓ Describing occupation.
- ✓ Describing things.
- ✓ Describing present and past action.

# Std.5, Unit-4, Activity-7

## WHY:

- વિદ્યાર્થીઓ આપેલ ગીતનું અભિનય સાથે ગાન કરે.
- વિદ્યાર્થીઓ નાના જૂથમાં પસંદગીના Stanzaનું અભિનય સાથે ગાન કરે.
- વિદ્યાર્થીઓ ગીતમાં આવતા 'Little' શબ્દને ઓળખાવે.
- વિદ્યાર્થીઓ ક્રિયા સાથે બંધબેસતા શબ્દો શોધે.

## HOW :

### (1) Activity Enrichment:

- 'Put your right hand in ' ગીત તમે એકવાર ગાઓ.
- વિદ્યાર્થીઓ પાસે તેનું ઝીલ ગાન કરાવો.
- ત્રણ-ત્રણ પંક્તિઓનાં ઝૂમખાઓનું ગાન અભિનય સાથે તમે કરો અને વિદ્યાર્થીઓ પાસે કરાવો.
- વર્ગને ચાર જૂથમાં વહેંચી ગીતનું એક-એક ઝૂમખું (Stanza) પસંદ કરવા કહો.
- પસંદ થયેલ Stanzaની અભિનયસહ રજૂઆત માટે દરેક જૂથને જરૂર પ્રમાણે મદદ કરો.
- દરેક જૂથને વારાફરતી વર્ગ સમક્ષ/પ્રાર્થના સંમેલનમાં ગીતની રજૂઆત કરવા કહો.

### (2) Activity Extension:

વિદ્યાર્થીઓ આ ગીતનું અભિનય સાથે ગાન કરે તે આપણો અંતિમ હેતુ નથી. અભિનય સાથેનું ગાન તો પ્રવૃત્તિની શરૂઆત છે.

**[I] Pre-reading/Writing Task:**

- 'Put your right hand in પંક્તિ બોર્ડ પર લખો.
- પોઇન્ટરનો ઉપયોગ કરી દરેક શબ્દ છૂટો પાડી મોટેથી વાંચી સંભળાવો.
- હવે વિદ્યાર્થીને 'hand ' શબ્દ બોર્ડ પર દર્શાવવા કહો.
- વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકમાંથી પ્રથમ પંક્તિમાંના 'hand' શબ્દને શોધી તેની ફરતે ગોળ કરવા કહો.
- આમ દરેક પંક્તિ માટે કરાવો.

- 'hand' શબ્દ કેટલી વાર આવે છે તે વિદ્યાર્થીઓને ગણવા કહો.

**[II] Vocabulary Building Task:**

- "Put your right hand in" પંક્તિ ગાયા વિના તમે અભિનય કરો.
- વિદ્યાર્થીઓને તમે કઈ ક્રિયા કરી તે કાવ્યના આધારે ઓળખવા કહો. અહીં અપેક્ષિત જવાબ છે "Shake" વિદ્યાર્થીઓ જો ગુજરાતીમાં જવાબ આપે તો તેને સ્વીકાર્યા બાદ આખા ગીતનું અભિનય ગાન કરાવી તમારી ક્રિયા માટેનો શબ્દ શોધવા કહો. યાદ રાખીશું કે શબ્દ આપી દેવાથી Vocabulary build-up નહિ થાય.
- આ પ્રમાણે અન્ય પંક્તિઓ આડા-અવળા ક્રમમાં લઈ ગીતમાંના બધા ક્રિયાસૂચક શબ્દો ઓળખો.
- આ સમગ્ર પ્રક્રિયા વિદ્યાર્થીઓ પાસે પણ કરાવી શકાય.

## (3) Language Construction

- ❖ વિદ્યાર્થીઓને તેમની મિત્રો સાથે ક્રિયાઓ યાદ કરવા કહો.
- ❖ હવે આ મુજબ અભિનય કરવા કહોઃ

  Turn around.

  Put in

  Put out.
- ❖ વિદ્યાર્થીઓને જોડીમાં રોલ પ્લે કરાવો. ત્યારબાદ કેટલાંક વિદ્યાર્થીઓની વર્ગ સમક્ષ રજૂઆત કરાવો.

English Teacher’s Navigator – III, Standard V નું માળખું આ મુજબ છે:

# English Teacher’s Navigator- III Standard - V

THE NETWORK

## Flag-off

English Teacher's Navigatorની વિગતવાર સમજૂતી આ મુજબ છે :

### Section A : The Network

અંગ્રેજીના અધ્યાપન માટે સજ્જ થવા શિક્ષક પાસે ભાષા પરની પકડ હોય, અધ્યાપન માટેની પ્રવૃત્તિઓની પધ્ધતિ સંદર્ભે આવડત હોય તથા અધ્યયન અનુભવો પર મનન ચિંતન કરી ભાવિ માટે વધુ સજ્જ થવાની દૃષ્ટિ હોય તે જરૂરી છે. આ ત્રણેય બાબતો વચ્ચેનું networking ઊભું કરી આપશે આપણો આ પ્રથમ વિભાગ.

ધોરણ 5નાં અંગ્રેજી પાઠ્યપુસ્તકમાં દરેક યુનિટ અંતર્ગત એક language function વણી લેવામાં આવ્યું છે. આ function સંદર્ભે તમારી ભાષાસજ્જતા વિકસાવવા Revisiting English નામનો પેટાવિભાગ આપેલ છે. યુનિટની શરૂઆતમાં જે-તે language function કઈ-કઈ પરિસ્થિતિઓમાં પ્રયોજાય છે, તેના નમૂના આપેલા છે. આટલું સમજ્યા બાદ જે તે language functionની શક્ય તેટલી patterns કોઈક પરિસ્થિતિ (Context) માં આપેલ છે. વળી, અહીં એ રીતે ઉદાહરણ અભિવ્યક્તિઓ / Expressions આપેલ છે કે તમે pattern સ્વયં તારવી શકો, નિયમ જાતે રચી શકો. વધુમાં જે-તે function આધારિત ભાષારચનામાં જરૂરી Vocabulary પણ આપવામાં આવી છે. આપેલ પ્રકાર્યો (Tasks) કરીને તમે પ્રત્યાયનમાં પ્રવાહિતા કેળવી શકશો.

**Activity Take-off** નામનો બીજો પેટાવિભાગ વિદ્યાર્થીઓની અંગ્રેજી અધ્યાપનની Journeyને વેગ આપવા માટેનો છે. આ પેટાવિભાગ અંતર્ગત દરેક યુનિટની દરેક પ્રવૃત્તિનું માળખું આ મુજબ છે :

**Why** દરેક પ્રવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીમાં થતાં અપેક્ષિત વર્તન-પરિવર્તનનો અધ્યયનના હેતુ સંદર્ભે નિર્દેશ અહીં છે. જે-તે પ્રવૃત્તિ કરાવી તમારા વિદ્યાર્થીઓને તમારે ક્યાં સુધી લઈ જવાના છે તે બાબત અહીં સ્પષ્ટ બને છે.

**How** પ્રવૃત્તિઓ કઈ રીતે કરાવવી તેનું વિગતવાર માર્ગદર્શન અહીં આપવામાં આવેલ છે. તે અંતર્ગત ત્રણ તબક્કા નિશ્ચિત કરવામાં આવ્યા આવ્યા છે.

**Activity Enrichment** તબક્કો જે-તે પ્રવૃત્તિને વધુ રસપ્રદ તથા આંતરક્રિયાત્મક બનાવવા માટેનું સૂચન છે.

**Activity Extension** તબક્કામાં Building vocabulary પ્રવૃત્તિઓ થકી એકમના તેમજ કક્ષાના સંદર્ભે વિદ્યાર્થીઓની Vocabulary માં ઉમેરણ થઈ શકશે. Meaningful writing દ્વારા વિદ્યાર્થીઓ હવે લખાણ માત્ર 'copy' ન કરતા અર્થપૂર્ણ પરિસ્થિતિમાં લેખન કરી શકશે. આમ, આ how વિભાગમાં પ્રવૃત્તિના વિસ્તૃતીકરણ (Extension) થકી આપણે ધોરણ-5 માટેના અંગ્રેજી અધ્યાપનના ઉદ્દેશ સાથે જે-તે પ્રવૃત્તિને જોડી શકીશું.

**Language construction** માં આપેલી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ શીખેલ patterns અને vocabulary નો ઉપયોગ કરી એવી ભાષા construct કરશે કે જે તેને તેની real life માં પણ પ્રયોજવાની થાય. Roleplay, dialogue, વાર્તાભજવણી, જોડીમાં પ્રશ્નોત્તરી જેવા કાર્યો તેને શીખેલી અભિવ્યક્તિમાં પોતાનું કંઈક નવું ઉમેરવાની પણ તક આપી constructivism અનુસાર તેને એક active learner બનાવશે.

પ્રથમ વિભાગનો ત્રીજો પેટાવિભાગ search light છે, જે દ્વારા તમારે દરેક યુનિટની તમામ પ્રવૃત્તિઓ પૂર્ણ કર્યા બાદ તમારા અધ્યાપન વ્યવહારોમાં ડોકિયું કરવાનું છે. બાળકોની અધ્યયન નીપજ, તેમના રસ, ઉત્સાહનું પ્રમાણ વિચારી નવા યુનિટના અધ્યાપન માટે વધુ સૂઝ-સમજ પ્રાપ્ત કરશો. અનુભવ પર મનન-ચિંતન કરી શીખવું એ શાણા મનુષ્યનું લક્ષણ છે. Search light પેટાવિભાગ તમને એક thinking teacher બનાવી તમને reflection કરાવતા કરાવતા ELT (અંગ્રેજી ભાષા-શિક્ષણ) અંગેની તમારી સમજને ઉત્તરોત્તર વધુ સઘન બનાવશે.

દરેક યુનિટ બાદ આપેલા search light નો task કરી તમારામાંના વધુ સારા, શક્ય, સમૃદ્ધ શિક્ષકત્વને શોધવાનું ચૂકશો નહિ.

## Section B : Lingua-meter

English Teacher's Navigator નું આ section તમને એક tool(ઉપકરણ)થી સંપન્ન કરે છે. જેમ બેરોમીટર, થર્મોમીટર જેવા સાધનો માપન-ઉપકરણ છે તેમ Lingua-meter  વિદ્યાર્થીઓએ શીખેલી Language(અહીં અંગ્રેજી)નું માપન કરવા માટે તમને મદદરૂપ બનશે. વર્ગશિક્ષણ દરમિયાન Formative Assessment હોય કે અંતે Summative Assessment હોય, વિદ્યાર્થીના અંગ્રેજીનું એક કૌશલ તરીકે મૂલ્યાંકન (Evaluation) થવું જોઈએ. બીજો વિભાગ આ માટે કેટલીક guidelines અને નમૂનાઓથી સમૃદ્ધ થયેલ છે. વળી મૂલ્યાંકન માટે નવી tasks ની વિચારણા કરી તમે આપેલ જગામાં નોંધી શકો તેવો અવકાશ છે.

## Section C : Teachiepedia

પ્રથમ વિભાગની પ્રવૃત્તિઓમાં howના વર્ણન સાથે જે-તે પ્રવૃત્તિમાં વણાયેલ અધ્યાપનનો કોઈ સિદ્ધાંત કે ELTનો પાયાનો ખ્યાલ માત્ર નિર્દેશિત કરેલ છે. આવા તમામ ખ્યાલની સરળ, સાદી ભાષામાં સમજ Teachiepedia વિભાગમાં છે Teachiepedia અધ્યાપન માટેના સિદ્ધાંતોનો સમુચ્ચય છે, જેની સમજ તમારા અધ્યાપનને વધુ તાર્કિક, અર્થપૂર્ણ તથા ઊંડાણયુક્ત બનાવશે.

આમ, English Teacher's Navigator તમારા અંગ્રેજી અધ્યાપનની driveને સલામત, સગવડભરી, સમૃદ્ધ અને મજેદાર બનાવવા જ રચાયું છે. અંગ્રેજી અધ્યાપનના Express way પર આપનું સ્વાગત છે...

English Teacher's Navigator-III, Standard V નું માળખું આ મુજબ છે :

## English Teacher's Navigator-III; Standard V

### Section A : The Network

**I. Revisiting English** : જે-તે યુનિટમાં જે Function વણાયેલ છે તેની Patterns અને vocabularyની સજ્જતા માટેની અધ્યયનાધક સામગ્રી સાથે મહાવરા માટેનો અવકાશ આપતી પ્રવૃત્તિઓ.

**II. Activity Take-off** : જે-તે યુનિટમાં વણાયેલ Function માટેની પ્રવૃત્તિઓનું Why અને How. જેમાં Activity Enrichment, Activity Extension અને Language Construction માટેની પ્રવૃત્તિઓ.

**III. Search Light** : યુનિટના અધ્યાપનકાર્ય બાદ તેની પ્રક્રિયામાં ડોકિયું કરી નવા યુનિટ માટે વધુ સજ્જતા પ્રાપ્ત કરવાનો માનસિક પ્રયાસ.

### Section B : Lingua-meter

અધ્યાપનકાર્ય દરમિયાન અનૌપચારિક રીતે અને કાર્ય બાદ ઔપચારિક રીતે મૂલ્યાંકન કરવા માટેના માપદંડો સહિતના વૈવિધ્યસભર નમૂના.

### Section C : Teachlepedia

પ્રથમ વિભાગમાં જ્યાં જ્યાં પ્રવૃત્તિઓનાં 'How'ના વર્ણન સાથે તેમાં નીહિત અધ્યાપનશાસ્ત્ર કે English Language Teaching ના પાયાના ખ્યાલોનો નિર્દેશ છે તેની સરળ અને સાદી ભાષામાં સમજ.

# REVISITING ENGLISH

Navigator માં દરેક યુનિટ અંતર્ગત એક Language Function આપવામાં આવેલ છે. અને આ function સંદર્ભે ભાષા સજ્જતા વિકસાવવા 'Revisiting English' નામનો પેટાવિભાગ આપેલ છે. જેમાં **Patterns અને Vocabularyની સજ્જતા માટેની કેટલીક પ્રવૃતિઓ આપેલી છે.**

1. **નીચે**ના ચિત્રો જોઈ તે ક્રિયા વિદ્યાર્થીઓ પાસે કરાવવા તમે અંગ્રેજીમાં કેવી સૂચના વાપરશો તે લખો.

Ex. –



RUN








2. ઉદાહરણ મુજબ પ્રશ્નોના જવાબ લખો.


ઉદા.



Kena


Q : Who is skipping ?

Ans : Kena is skipping.



Eva

1.



Karan

Q : Who is washing clothes?

Ans : ______________________

______________________



Mohini

2.




Payal

Q : Who is cooking?


Ans : ______________________

______________________



Pooja

3.



Dixa

Q : Who is writing a letter ?

Ans : ______________________

______________________



Seema

## 3. 'I am a tailor' action song ગાઓ અને action કરાવો.

**I am a tailor. Making clothes.**
**Stitch stich stich, my machine goes.**
**I am a cobbler, mending shoes.**
**Rat- tat- tat; it's just like new.**
**I am a teacher, teaching my class.**
**Listen-sing and do; let us learn.**
**I am a potter, baking pots.**
**Mould, bake, colour; ready for your use.**
**I am a traffic police, I stand just so.**
**Letting traffic to move; helping people to go.**

ઉપરની rhymeમાં આપેલા our helpers શોધી કાઢો અને આપેલી જગ્યામાં લખો.

_______________ _______________ _______________ _______________

_______________ _______________ _______________

1. આવા બીજા Our Helpersનાં નામ શોધી લખો.
2. ઉપરનાં Rhymeમાં આપેલા Our Helpersને ઉપયોગમાં આવતાં સાધનોનું લીસ્ટ બનાવો.
3. કેટલાંક Our Helpersની વેશભૂષા તૈયાર કરો/અભિનય કરો. (રમત)

## <u>Std.5 Little Step – Seven, Eight, Nine</u>

1. Text book page No.11 પર આપેલી rhyme 'The colourful people' ગાઓ અને action કરાવો.
2. ઉપરની rhymeમાં આવતા Coloursનાં નામ આપેલી જગ્યામાં લખો.

_______________ _______________ _______________ _______________

_______________ _______________ _______________ _______________

_______________ _______________ _______________ _______________

3. આ સિવાયનાં કેટલાંક Coloursનાં નામ લખો.

_______________ _______________ _______________ _______________

_______________ _______________ _______________ _______________

4. ઉપરનાં colour દર્શાવતા પદાર્થો બતાવો.

_______________ _______________ _______________ _______________

5. તમારી આસપાસ ઉપરનાં colours હોય તો તેને ઓળખી બતાવો.

(રમત રમો :- colour colour, which colour)

# <u>Language Construction</u>

- **નીચે આપેલ વાક્યો સાચું છે કે ખોટું તે જણાવો. ખોટું વાક્ય સુધારી ફરીથી લખો.**

1 . This is a pens.

.............................................. ..............................................

2. This is chocolates.

........................................ ..............................................

3. Those is calenders.

....................................... ..............................................

4. That is a dairy.

.............................................. ..............................................

5. Those are a simcard.

...................................... ..............................................

6. These are shops.

........................................... ..............................................

7. This is a joker.

.............................................. ..............................................


8. These are a snake.

.......................................... ..............................................

( std 5 English Navigator page no 47)

# *LANGUAGE CONSTRUCTION*

❖ **1.નીચે આપેલ ચિત્રમાંની વસ્તુઓ શોધો અને નામ નિર્દેશ કરો.**



**Ex.** A picture.


**1. _______________ 2.____________________ 3.________________ 4.____________**

**5._______________ 6. _________________ 7._________________ 8.____________**


**9._______________ 10._________________ 11. _______________ 12.___________**

**13._______________ 14._________________ 15._________________ 16.__________**

❖ 2. Match the sentence to the picture.

| | |
|---|---|
| I see a cat |  |
| I like to play with my dog. |  |
| The cat likes to wear a hat. |  |
| I like to fly my kite. |  |
| I like to smell the flower. |  |

3.અહીં આપેલા ચિત્રમાંથી સૌપ્રથમ words અને Shorts Sentences નો ઉપયોગ કરી એક short paragraph બનાવો.




- **Words:**
  - Zoo - deer - ducks
  - big - monkey - vendor
  - animals - tree - ice-cream
  - lion - rabbit - clean
  - tiger - ponds

- **Shorts sentence:**
  - It is big.
  - It is rabbit.
  - That is an ice-cream vendor.

❖ **Short Paragraph:**

This is a zoo. It is big. Those are animals. Look, that is a lion, and that is a tiger. There are deer. Those are monkeys. What is there behind the tree? It is a rabbit. What are those in the pond? Those are ducks. They are swimming. Look, this is a big compound. That is an ice-cream vendor. The zoo is very clean.

હવે, મિત્રો તમે પણ ઉપર મુજબના ઉદાહરણ પ્રમાણે ચિત્ર જોઈ words, shorts words, and short paragraph બનાવો.




1. ____________________________________________

2. ____________________________________________

3. ____________________________________________

4. ____________________________________________

1. આ પ્રવૃત્તિ કરાવતી વખતે ક્યા-ક્યા ફાયદાઓ થાય છે? એ ચર્ચા કરી લખો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

2. Teacher Navigator Module Page No.24 પરની activities સૂચના પ્રમાણે કરાવો. There is... અને There are...વાળી Patternનો ઉપયોગ કરી વાક્યો બનાવો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

3. તમારા વર્ગખંડ (Classroom objects)નો ઉપયોગ કરી What is this?... What is that?... What is it?...ના પ્રશ્નો બનાવો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

4. apple, nose, duster, class, ground આ શબ્દોનો ઉપયોગ કરી This, That, It નો ઉપયોગ કરી એક-એક વાક્ય બનાવો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## **4.**શિક્ષક નીચે મુજબનો સંવાદ આદર્શ રીતે રજુ કરશે.

## AT THE SHOP

Visha : Hello! Uncle

Shopkeeper : Yes, what do you want.

Visha : I want a chart sheet.

Shopkeeper : which colour do you want?

Visha : Yellow

Shopkeeper : Here you are.

Visha : Thank you. How much?

Shopkeeper : Five rupees.

Visha : Here you are.

Shopkeeper : Thank you.

શિક્ષકોને નીચે પ્રમાણે Topic આપી સંવાદ તૈયાર કરવાનું જણાવશો.


1. A balloon man.
2. At a toy shop.
3. At the bus stop.
4. In the classroom.
5. At an Ice-cream shop.
6. At the zoo.
7. In the garden.
8. At a kite shop.
9. Birthday party.
10. Seashore.

Std 5 English navigator page no 87.

# Little Step – Activity – 2

❖ નીચે આપેલ ચિત્રનો ઉપયોગ કરી વાર્તા સાંભળો અને વાર્તા તૈયાર કરવા પ્રયત્ન કરવો.

## What next?




So the children of class five decided to go for a picnic.

➢ **આ રીતે વાર્તા વિદ્યાર્થી સમક્ષ રજૂ કરવાથી શો ફાયદો થશે?**

1. ______________________________________________________________

2. ______________________________________________________________

3. ______________________________________________________________

4. ______________________________________________________________

❖ વાર્તાના આધારે ચિત્રને સંવાદ સાથે જોડો.

**ચિત્ર નં.**



સંવાદ - The Bus went to Sundarvan Jungle.

ચિત્ર -2




સંવાદ - All of them got down from the bus.

ચિત્ર -3



સંવાદ - Suddenly it started raining.

- નીચે આપેલ વાક્યોને વાર્તાના ક્રમમાં ગોઠવો.

1. It's raining. Can we stay here for sometime? ☐
2. They started walking towards the jungle. ☐
3. They took a bus. ☐
4. Let's go for a picnic. ☐

- નીચે આપેલ સંવાદ કોણ બોલે છે તે કહો.

1. Sweep the floor. ________________
2. I'll sweep the floor. ________________

## Search Light:

**1.આ મોડ્યુલમાં તમને કઈ પ્રવૃત્તિ સારી લાગી? અને શા માટે?**

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

**2.આ મોડ્યુલમાં કઈ પ્રવૃત્તિ કરતા સૌથી વધારે મુશ્કેલી પડી? એ પ્રવૃત્તિ દરમિયાન તમને પડેલી મુશ્કેલીઓ અહીં નોંધો.**

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

1. **વિદ્યાર્થી પક્ષે અંગ્રેજી અભિવ્યક્તિનું પ્રમાણ વધારવા માટે તમે શું કરશો?**

________________________________________________________________

________________________________________________________________

2. **આ મોડ્યુલના અધ્યાપનથી અંગ્રેજી ભાષા શિક્ષણની તમારી સમજમાં શો ફેરફાર થયો?**

3. **શિક્ષક તરીકે આ મોડ્યુલની પ્રવૃત્તિઓ સિવાય તમે બીજી કઈ-કઈ પ્રવૃત્તિ કરાવી શકો?**

## Language Games

- **વિદ્યાર્થીઓ Language gamesમાં રમત દરમ્યાન જુદી જુદી વપરાતી અંગ્રેજી અભિવ્યક્તિઓ અને સૂચનાઓને સાંભળશે અને તે મુજબ અનુસરશે.**

1. શિક્ષક દ્વારા Language game રમાડવા માટે વિદ્યાર્થીઓને Meena says... સંભળાય ત્યારે જ જવાબ આપવાનો છે. પણ જો કોઇ માત્ર સૂચના આપે તો કોઇ જ પ્રતિક્રિયા આપવાની નથી અને જો કોઇ વિદ્યાર્થી પ્રતિક્રિયા આપે તો તે Gameમાંથી 'Out' થયેલ ગણાશે.

   Ex. Meena says : Touch your eyes.

   એટલે વિદ્યાર્થીઓ આંખોને સ્પર્શ કરશે.

   પરંતુ જો શિક્ષક Touch your eyes સૂચના આપશે તો વિદ્યાર્થીઓએ અનુસરવાનું નથી.

   Meena says : Touch your nose.

   Meenas says : Touch your ears.

   Meena says : Touch your hands.

   Teacher says : Touch your lips.

1. અન્ય કઇ કઇ સૂચનાઓ આ રમત દરમ્યાન આપશો? તેની નોંધ કરો.

______________________________________________

______________________________________________

______________________________________________

2. અંગ્રેજી સૂચનાઓનો ઉપયોગ થતો હોય એવી અન્ય રમત છે? નોંધો.

______________________________________________

______________________________________________

- **2**.ધોરણ -5 ના અંગ્રેજી પુસ્તક ના પેઇજ નંબર 69 પરના ચિત્રો જુઓ ને ક્રિયાસુચક શબ્દોને વાંચીને what is she/he doing? ની રમત રમો.




**running**



**dancing**




**playing cricket**



**reading**



**jumping**



**eating lunch**



**bathing**



**washing**

- ## 3. Word Pulling game.

નીચે આપેલ શબ્દ સાંકળને જુઓ અને તે મુજબ આગળ વધારો.

Pen - Nose - Eye - Ear - _____ - _______- ________ - _______-

________ - _______- ________ - _______- ________ - _______- ________ -

- _______- ________ - _______- ________ - _______- ________ -

➢ 4 નીચે આપેલ ઉદાહરણને સમજીને તે મુજબ અન્ય શબ્દોના Meaningful Spellings બનાવી લખો.

Elephant = Ant, Pen, Ten, Hat, Lap, Let,…………………………………………………………

| | |
|---|---|
| Laboratory | |
| Environment | |
| Refrigerator | |
| Experiment | |

5 વિદ્યાર્થીઓને વિવિધ રંગની વસ્તુઓ વર્ગખંડમાં શોધવી અને Find Out Something રમત રમાડવી જેમ કે,

Find out something: That is black. કલર અને Object બદલીને આ રમતને આગળ વધારી શકાય.

6 વિદ્યાર્થીઓ પોતાના દફતરમાં રહેલી વસ્તુઓ કાઢો અને બીજા મિત્રો સાથે આજ વસ્તુઓ અને તેના રંગોની સરખામણી કરાવો. જેમ કે,

My red pen.

Your black pen... આ જ રીતે સંવાદને આગળ વધારો.

**7.** વિદ્યાર્થીઓને Bingo Game રમત દ્વારા શબ્દકોષમાંથી શબ્દો શોધી બોર્ડ પર લખવા માટે કહેવું.

## Std. 5, Unit-4,Activity – 2

1. Activity – 2 માં આપેલા action wordsની યાદી બનાવીશું.

**Examples:**

Play________ Run________ __________ __________

__________ __________ __________ __________

2. Activity – 3 માં આપેલી What is she doing? She is dancing. નો અભ્યાસ કરાવીશું.

# COMMON INSTRUCTION FOR CLASSROOM

- Stand up.
- Come here
- Go there
- Clap your hands
- Close your eyes
- Open your eyes
- Close / Open your book.
- Stand properly.
- Keep silence.
- Sit properly.
- Look Here.
- Touch your Nose.
- Touch your Eyes.
- Touch Your (all body parts)
- Stop Noise.
- Give me the answer.
- Stand in a queue.
- Turn around.
- Raise your hand/finger.
- Turn Right / Left.
- Hands up/down.
- Behind your Right/Left.
- Don’t Talk.
- Don’t make noise.
- Open/Close the door.
- Stand by your desks.
- Report after me.
- Listen carefully.
- Follow me.
- Pay attention.
- You have 5 min. to do this.
- Stop now.
- Any question students?
- Next, First, After that, Finally.
- Are you ok?
- Say it again, please.
- It’s OK
- Do you understand?
- I don’t understand.
- Follow me.
- Don’t laugh.

## PRAYER

- Close/open your eyes.
- Sing with me/sing with chorus.
- Keep silence.
- Sit in queue.
- Keep your hands in player position

## LIBRARY

- Keep silence
- Read your book
- Don’t talk
- Keep the book safe.

## PLAY-GROUND

- Safety first
- Follow the rules.
- Play carefully.
- Be helpful
- Don’t heat others.
- Be gentle.
- Play nicely.
- Don’t spoil the game

# MID-DAY MEAL

- Wash your hands.
- Clean your own plate.
- Sit in queue.
- Don't waste the food.
- Eat with your right hand.
- Put your plate in proper place

## Action Song- Rhymes

### • Put Your Right Hand In*

Put your right hand in
Put your right hand out,(2)
Put your right hand in
and shake it all around
Do the honkey ponkey
And turn your self
around.

Put your left hand in,
Put your left hand out,(2)
Put your left hand in and
Shake it all around
And do the honkey
ponkey,
And turn yourself around.

Put your right leg in
Put your right leg out
Put your right leg in and
Shake it all around
Do the honkey ponkey(2)
and
Turn your self around.

Put your left leg in
Put your left leg out
Put your left leg in and
Shake it all around
Do the honkey ponkey (2)
And turn your self around

Put your wholeself in
Put your wholeself out
Put your wholeself in
And shake it all around
Do the honkey ponkey (2)
And turn your self around.

## *If You Are Happy *

**If you're happy happy happy, clap your hands.**

**If you're happy happy happy, clap your hands.**

**If you're happy happy happy, clap your hands, clap your hands.**

**If you're happy happy happy, clap your hands.**

**If you're angry angry angry, stomp your feet.**

**If you're angry angry angry, stomp your feet.**

**If you're angry angry angry, stomp your feet, stomp your feet.**

**If you're angry angry angry, stomp your feet.**

**If you're scared scared scared, say, "Oh no!"**

**If you're scared scared scared, say, "Oh no!"**

**If you're scared scared scared, say, "Oh no!" Say, "Oh no!"**

**If you're scared scared scared, say, "Oh no!"**

# * One little finger*

**One little finger, one little finger, one little finger.**
**Tap tap tap.**
**Point your finger up.**
**Point your finger down.**
**Put it on your head. Head!**

**One little finger, one little finger, one little finger.**
**Tap tap tap.**
**Point your finger up.**
**Point your finger down.**
**Put it on your nose. Nose!**

**One little finger, one little finger, one little finger.**
**Tap tap tap.**
**Point your finger up.**
**Point your finger down.**
**Put it on your chin. Chin!**

**One little finger, one little finger, one little finger.**
**Tap tap tap.**
**Point your finger up.**
**Point your finger down.**
**Put it on your arm. Arm!**

**One little finger, one little finger, one little finger.**
**Tap tap tap.**
**Point your finger up.**
**Point your finger down.**
**Put it on your leg. Leg!**

**One little finger, one little finger, one little finger.**
**Tap tap tap.**
**Point your finger up.**
**Point your finger down.**
**Put it on your foot. Foot!**
**Put it on your leg. Leg!**
**Put it on your arm. Arm!**
**Put it on your chin. Chin!**
**Put it on your nose. Nose!**
**Put it on your head. Head!**
**Now let's wave goodbye. Goodbye**

# * Hop a little*

**Hop a little, jump a little**

**One, two, three;**

**Run a little, skip a little**

**Tap on knee;**

**Bend a little, stretch a little,**

**Nod your head;**

**Yawn a little, sleep a little,**

**In your bed.**

# * Where is Thumbkin *

**Where is thumbkin? Here I am.**
**How are you today, sir? Very well, thank you.**
**Where is Pointer?**
**Here I am. How are you today, sir?**
**Very well, thank you.**
**Where is Tallman? Here I am.**
**How are you today, sir?**
**Very well, thank you.**
**Where is Ringman? Here I am.**
**How are you today, sir?**
**Very well, thank you.**
**Where is Pinky?**
**Here I am.**
**How are you today, Ma'm?**
**Very well, thank you.**

## Rhymes Ref.

- **Books:**
  1. My Big Books of Nursery Rhymes. - Dreamland publications.
  2. Rhymes and Story Book. -Dreamland publications.
  3. Colorful Rhyming Books. - Amazon book club.
  4. Nursery Rhymes Board Book - Wonder House Books.
  5. ISI, Nursery Rhymes. - Manoj Publications.
  6. My album of Nursery Rhymes. - Navneet Publications.

- **Links:**
  1. Learn body parts song - Channel : CVS 3drhymes & kids songs.
  2. Top 45 Rhymes - Channel : CVS 3d rhymes & kids songs.
  3. Channel: Cocomelon
  4. Channel: Nursery Rhymes.
  5. Top 100 Hit songs – English nursery Rhymes - Channel: Magic Box English.
  6. English Rhymes –DIET, Surendranagar (Subscribe it.)

- CDs & DVDs :
  1. 50 Animated Nursery Rhymes.
  2. Nursery Rhymes 40, Animated classics studio - Eagle home entertainment pvt.
  3. Inkmeo USB, memory stick Animated Rhymes.

# PRAYERS

## PRAYING PRAYING

**Praying praying**
**Praying in the morning;**
**Praying in the noon-time.**
**Praying, praying**
**Praying when the sun goes down.**
**Singing, singing**
**Singing in the morning.**
**Singing in the noon-time.**
**Singing, singing.**
**Singing when the sun goes down.**
**Dancing, dancing,**
**Dancing in the morning.**
**Dancing in the noon-time.**
**Dancing, dancing Dancing when the sun goes down.**
**Swimming, swimming,**
**Swimming in the morning.**
**Swimming in the noon-time.**
**Swimming, swimming**
**Reading, reading,**
**Swimming when the sun goes down**
**Reading in the morning.**
**Reading in the noon-time.**
**Reading, reading**
**Reading when the sun goes down.**

# *Wheels 0f The*

The wheels of the bus go round and round round and round, round and round.

The people on the bus go up and down up and down, up and down.

The doors on the bus go open and shut open and shut, open and shut.

The horn on the bus goes beep, beep, beep beep, beep, beep, beep, beep, beep.

The baby on the bus says wah, wah, wah wah, wah, wah, wah, wah, wah.

The mummy on the bus says shh, shh, shh shh, shh, shh, shh, shh, shh.

## * Be Careful *

Be careful with your eyes what you see (2)
There is God up above Who is watching you with love
So be careful with your eyes what you see.
Be careful with your ears what you hear (2)
There is God up above Who is watching you with love!
So be careful with your ears what you hear.

Be careful with your tongue what you say (2)
There is God up above Who is watching you with love
So be careful with your tongue what you say.
There is God up above Be careful with your heart what you love (2)
So be careful with your heart what you love.
Who is watching you with love!

## • God be In my head*

God be in my head, and in my understanding;
God be in my eyes, and in my looking;
God be in my mouth, and in my speaking;
God be in my heart, and in my thinking;
God be at my end, and at my departing....

LEARNING OUTCOMES

# Std-4 English Learning Outcomes

- **EN401 –** રમત રમવા માટે ટૂંકી સૂચનાઓ સાંભળી તે પ્રમાણે ક્રિયા કરશે.
- **EN402 –** સ્થળ, વસ્તુની વિગત સાંભળી દર્શાવે છે.
- **EN403 –** વસ્તુ, વ્યક્તિ અને સ્થળનું વર્ણન સાંભળીને ઓળખે છે.
- **EN404 –** શબ્દોને અનુરૂપ ચિત્રો સાથે જોડે છે.
- **EN405 –** દૈનિક અભિવાદન કરે છે. અને તેનો પ્રતિભાવ આપે છે.
- **EN406 –** અરસપરસ સુચના મુજબ પ્રતિભાવ આપે છે.
- **EN407 –** ઉલટ પ્રશ્નો (INVERSION QUESTIONS)ના ટૂંકા જવાબ આપે છે.
- **EN408 –** WH (WHO, WHERE, WHEN, WHAT, HOW MANY) પ્રશ્નોના જવાબ આપે છે.
- **EN409 –** લોનવર્ડસ સહિત આશરે 150 જેટલા શબ્દો જાણી અને તેનો ઉપયોગ કરે છે.
- **EN410 –** THIS, THAT નો ઉપયોગ કરી વસ્તુઓનો નિર્દેશ કરે છે.
- **EN411 –** વિદ્યાર્થીઓ વ્યવસાયકારોને ઓળખે છે. અને કાર્યને વ્યવસાય સાથે જોડે છે.
- **EN412 –** આભાર માને છે અને દિલગીરી વ્યક્ત કરે છે.
- **EN413 –** અંગ્રેજી કેપિટલ અને સ્મોલ લેટર્સની જોડીઓ બનાવે છે.
- **EN414 –** વસ્તુને આકાર, સંખ્યા અને રંગના સંદર્ભમાં શબ્દોમાં વર્ણવે છે.
- **EN415 –** વાક્યમાં દર્શાવેલ ક્રિયા માટેના શબ્દને ઓળખે છે. તેમજ તે માટેનો અભિનય કરે છે.
- **EN416 –** પ્રાણી, પક્ષીનું બે-ત્રણ સાદા વાક્યોમાં વર્ણન કરે છે.
- **EN417 –** સાદા વાક્યોનું અનુલેખન કરે છે.
- **EN418 –** RHYMES, ACTION SONGS ગાય છે.

## STD-5 ENGLISH LEARNING OUTCOMES

- **EN501 –** ટૂંકી પરિચિત વાર્તા સાંભળી પૂછેલી વિગતોના જવાબ આપે છે.
- **EN502 –** ટૂંકી સૂચનાઓ સાંભળી તે પ્રમાણે ક્રિયા કરે છે.
- **EN503 –** સાંભળેલી વિગતોને આધારે ચિત્ર દોરે છે.
- **EN504 –** વાર્તા અને પરિચ્છેદનું વાચન કરી અર્થગ્રહણ કરે છે.
- **EN505 –** વાક્યોને અનુરૂપ ચિત્ર સાથે જોડે છે.
- **EN506 –** અભિવાદન કરી પ્રતિભાવ આપે છે.
- **EN507 –** સૂચના મુજબ સંવાદ કરે છે.
- **EN508 –** ઊલટ પ્રશ્નો (**INVERSION QUESTIONS**) પૂછી તેવા પ્રશ્નોના જવાબ આપે છે.
- **EN509 –** માહિતી મેળવવા **WH-(WHO, WHERE, WHEN, WHAT, HOW MANY)** પ્રશ્નો પૂછી અને તેવા પ્રશ્નોના જવાબ આપે છે.
- **EN510 –** પરિચિત પરિસ્થિતિમાં સંવાદ કરે છે.
- **EN511 –** લોનવર્ડ્સ સહિત આશરે **500** જેટલા શબ્દો જાણી અને તેનો ઉપયોગ કરે છે.
- **EN512 –** પોતાના માતા-પિતા, ભાઈ-બહેન અને મિત્રોનો સામાન્ય પરિચય આપે છે.
- **EN513 – THERE IS / THERE ARE** નો ઉપયોગ કરી વસ્તુઓના સ્થાનનો નિર્દેશ કરે છે.
- **EN514 –** રોજિંદા જીવનની અને વર્તમાન સમયની ક્રિયાઓનું વર્ણન કરે છે.
- **EN515 –** ભૂતકાળની ક્રિયાઓ વર્ણવે છે.
- **EN516 –** પોતાની અને અન્યની માલિકી પ્રદર્શિત કરે છે.
- **EN517 –** સ્થાનિક વ્યવસાયકારોનો પરિચય મેળવે છે. અને પરિચય આપે છે.
- **EN518 –** વાચન અને ઉચ્ચાર વચ્ચેનો સંબંધ તારવે છે.
- **EN519 –** શબ્દકોશનો ઉપયોગ કરી શબ્દ વિશેની માહિતી મેળવે છે.
- **EN520 –** વસ્તુઓ, પ્રાણી, પક્ષીઓ, વ્યક્તિઓનાં નામ, રંગ, સંખ્યા, કદનું વર્ણન કરે છે.
- **EN521 -** ચિત્ર કે વસ્તુનું એક કે બે વાક્યોમાં વર્ણન કરે છે.
- **EN522 –** ફકરાનું અનુલેખન કરે છે.
- **EN523 – RHYMES, ACTION SONGS** ગાઈ અને તેનો રસાસ્વાદ માણે છે.
- **EN524 –** ક્રિયાસૂચક શબ્દોનો ઉપયોગ કરી કાવ્ય આગળ વધારે છે.

# RIDDLES

1

**I have two hands**
**I have no legs**
**But**
**I walk and walk**




2

**I am the cool**
**Letter in alphabet**




3

**I am tall,**
**When I am Young**
**I am short,**
**When I am old.**



3

**I have black colour,**
**But not crow.**
**I have head and tail,**
**But not animal.**



5

**I come once in minute,**
**Twice in moment,**
**But never in thousand**
**Who am I...?**




5

**I give you flowers,**
**Fruits and wood.**
**I give you $O_2$ also.**
**I take nothing from you.**
**Tell me who am I...?**

